INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                                    તા. ૩૧-૦૫-૨૦૨૨

કોંગ્રેસ પક્ષે જેને ઓળખ આપી, માન સન્માન આપ્યું, કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓએ રાતદિવસ મહેનત કરી ખભે બેસાડી વિધાનસભા જીતાડી તેમ છતાં જનતાના આશીર્વાદનો પ્રજાદ્રોહ - પક્ષદ્રોહ કરનાર લોકોને પ્રજા સમક્ષ ખુલ્લા પાડવા માટે **તા. ૧/૦૬/૨૦૨૨ બુધવારના રોજ ખેડબ્રહ્માના ઉંડવા ખાતે અને તા. ૨/૦૬/૨૦૨૨ ગુરૂવારના રોજ ભિલોડા ખાતે વિશાળ જનમેદની ઉપસ્થિતિમાં 'નવ સંકલ્પ સંમેલન'નું આયોજન** કરવામાં આવ્યું છે. 'નવ સંકલ્પ સંમેલન' માં ગુજરાત કોંગ્રેસ સમિતના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડો. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિરોધપક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, પૂર્વ સાંસદશ્રી મધુસૂદન મિસ્ત્રી, ગુજરાતના સંગઠન સહપ્રભારી વિરેન્દ્રસિંહ રાઠોર સહિત જિલ્લા, તાલુકાના હોદેદારશ્રીઓ અને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગર પાલિકાના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ કોંગ્રેસ સમિતના હોદેદારશ્રીઓ, ફ્રન્ટલ સેલ ડિપાર્ટમેન્ટના ચેરમેનશ્રીઓ, તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો - આગેવાનો અને સ્થાનિક નાગરિકો હાજર રહેશે.

---

## આમંત્રણ

તા. ૧/૦૬/૨૦૨૨ના રોજ ખેડબ્રહ્મા અને તા. ૨/૦૬/૨૦૨૨ ના રોજ ભિલોડા ખાતે યોજાનાર 'નવ સંકલ્પ સંમેલન' ગુજરાત કોંગ્રેસ સમિતના પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડો. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિરોધપક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, પૂર્વ સાંસદશ્રી મધુસૂદન મિસ્ત્રી, ગુજરાતના સહપ્રભારી વિરેન્દ્રસિંહ રાઠોર સહિત કોંગ્રેસ પક્ષના આગેવાનો હાજર રહી વિશાળ જનસંમેલનને સંબોધન કરશે.

| | |
|---|---|
| **તારીખ** | **: ૦૧-૦૬-૨૦૨૨ બુધવાર** |
| **સમય** | **: બપોરે ૧-૦૦ કલાકે** |
| **સ્થળ** | **: ઉંડવા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા.** |
| **તારીખ** | **: ૦૨-૦૬-૨૦૨૨ ગુરૂવાર** |
| **સમય** | **: બપોરે ૧-૦૦ કલાકે** |
| **સ્થળ** | **: જય ભોલેનાથ પાર્ટી પ્લોટ નારસોલી રોડ, ભિલોડા** |

'નવસંકલ્પ સંમેલન' ના કવરેજ માટે આપશ્રીના પત્રકારશ્રી, ટી.વી. ટીમ તથા ફોટોગ્રાફરશ્રીને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ સહ વિનંતી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા